# પાસ નેતા દિનેશ બાંભણીયા પર હિંસક હુમલો

### પાટીદાર નેતા પર થયેલા હુમલાને લઇને સમુદાયમાં ઉગ્ર રોષની લાગણી : ભાજપના કાર્યકરો પર હુમલાનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૨

પાસના આગેવાન નેતા દિનેશ બાંભણીયા પર આજે વૈષ્ણૌદેવી સર્કલ પાસે સોલા ઉમિયાધામ નજીક જીવલેણ હુમલો થતાં જબરદસ્ત ચકચાર મચી જવા પામી હતી. દિનેશ બાંભણીયાની કાર પર થયેલા હુમલામાં બાંભણીયાને ગંભીર માથામાં ઈજા પહોંચી હતી અને લોહીલુહાણ હાલતમાં તેમને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. પાટીદાર નેતા પર થયેલા હુમલાને લઈ સમગ્ર પાટીદાર સમાજમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. તો બીજીબાજુ, આ હુમલા પાછળ ભાજપના કાર્યકરો જવાબદાર હોવાના ગંભીર આક્ષેપો કરાતાં ફરી એકવાર પાટીદાર અને ભાજપ વચ્ચેનું રાજકારણ ગરમાયું છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, આજે સાંજે વૈષ્ણૌદેવી સર્કલથી સોલા ઉમિયાધામ નજીક પાસના કન્વીનર દિનેશ બાંભણીયા પોતાની કારમાં જઈ રહ્યા હતા ત્યારે ૨૦થી ૨૫ જેટલા લોકોએ તેમની ગાડી પર હુમલો કર્યો હતો અને કારમાં જબરદસ્ત તોડફોડ મચાવી હતી. ગાડીના તમામ કાચ ફોડી નંખાયા હતા અને કારની બોડીને પણ જોરદાર નુકસાન પહોંચાડાયુ હતું. એટલું જ નહી, હુમલાખોરોએ દિનેશ બાંભણીયાને પણ હુમલાનો નિશાન બનાવ્યા હતા. જેને પગલે તેમને માથામાં ગંભીર ઈજા થતાં લોહીલુહાણ હાલતમાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ પણ દોડી આવી હતી અને સમગ્ર મામલાની તપાસ હાથ ધરી હતી. પોલીસે આ સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જો કે, પાસના નેતા પર હુમલાને પગલે સમગ્ર પાટીદાર સમાજમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ ગઈ હતી. ભાજપ પર થયેલા આક્ષેપને પગલે ફરી એકવાર ભાજપ અને પાટીદારો વચ્ચેનું રાજકારણ ગરમાયું હતું.







## વ્રતનું સમાપન થતા દશામાની મૂર્તિનું વિસર્જન કરાયું

શહેરમાં છેલ્લા દસ દિવસથી ચાલી રહેલ દશામાના વ્રતનું સમાપન થયું છે. આ વ્રતના અંતિમ દિવસે શહેરની શ્રદ્ધાળુ જનતાએ જાગરણ કર્યુ હતુ. જાગરણ નિમિત્તે સેક્ટર-૨૪માં દશામાના મંદિરે ભવ્ય કાર્યક્રમ સાથે મેળાનો માહોલ સર્જાયો હતો. આ ઉપરાંત શહેરમાં જાગરણ નિમિત્તે શ્રદ્ધાળુઓએ પોતપોતાના વિસ્તારમાં ભજન-કિર્તન ગરબા વગેરેનું આયોજન કર્યું હતું. જાગરણ બાદ વહેલી પરોઢે તમામ શ્રદ્ધાળુઓએ દશામાની મૂર્તિનું સાબરમતીમાં વિસર્જન કર્યુ હતુ. વિસર્જન સમયે નદીના પુલ પર ભારે ભીડ સાથે ટ્રાફિકનો જમાવડો જોવા મળ્યો હતો.

# જીપીએસસી પરીક્ષાની પેટર્નમાં ફેરફારથી ગુજરાતના યુવાનોને હળહળતો અન્યાય

### આફ્રિકન સમીટમાં વડાપ્રધાને આપેલા વચન મુજબ ગુજરાતનો યુવાવર્ગ આફ્રિકન ખાણોમાં મજૂરી કરે તેવી રૂપાણી સરકારની નીતિ : ડો. હિમાંશુ પટેલ

ભાજપ સરકાર ગુજરાત રાજ્યમાં જીપીએસસીની પરીક્ષામાં યુપીએસસીની પેટર્ન અપનાવી ખેડૂતપૂત્રો સહિત ગુજરાતના સામાન્ય યુવા વર્ગને હળહળતો અન્યાય કરી રહી હોવા સામે આક્રોશ વ્યક્ત કરતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાને આપેલાં વચન પ્રમાણે ગુજરાતનાં યુવાનો આફ્રિકાની ખાણોમાં મજુરી કરે તેવી નીતિ રૂપાણી સરકારે અપનાવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, રૂપાણી સરકાર દ્વારા જીપીએસસીની પરીક્ષામાં યુપીએસસી પેટર્નથી જે રીતે માળખુ તૈયાર કરાયું છે તેમાં રાજ્યનાં ખેડૂતપૂત્રો સહિત સામાન્ય યુવા વર્ગ પાસ જ થાય નહીં ! રાજ્યનાં ઈતિહાસ, ભૂગોળ, પ્રાદેશિક બાબતો અને સંસ્કૃતિને પ્રાધાન્ય આપવાનાં બદલે ભાજપ તથા જીપીએસસીનાં ચેરમેન દ્વારા ગુજરાતની સંસ્કૃતિ તથા માતૃભાષાની અવગણના કરવામાં આવી રહી છે. એ જ રીતે મુખ્ય પરીક્ષાનાં પેપરમાં સમાનતાનાં મૂળભૂત અધિકારોનું હનન કરી યુવાનોનું અહિત કરવામાં આવી રહ્યું છે એ જ રીતે પીઆઈ જેવી મહત્ત્વની જગ્યાઓ માટે પ્રેક્ટીકલ પરીક્ષા નહીં રાખીને ભાજપ સરકાર ખેડૂત - ગ્રામીણ યુવાનોને અન્યાય કરી રહી છે.

જીપીએસસીનું માળખું જે રીતે તૈયાર કરવામાં આવ્યું છે તેનાથી ભાજપ કે મળતીયાઓનાં પુત્રો - સગાંઓ જ પાસ કરાશે તેવો સીધો આક્ષેપ તેમણે કર્યો છે. પરિણામે ભાજપ સરકારનાં છેલ્લા બે દશકાનાં શાસનમાં અંગ્રેજા જેવી નીતિનાં કારણે હતાશા-નિરાશામાં ધકેલાયેલા શિક્ષિત યુવા વર્ગને વધુ અન્યાય થશે. ભાજપ સરકારની સામાન્ય યુવા વર્ગને આત્મહત્યાના માર્ગે ધકેલતી આવી નીતિનાં પરિણામે ગુજરાતનાં યુવાનોને આફ્રિકાની ખાણોમાં મજૂરી કરવાનાં દિવસો આવશે. જેમાં ગાંધીનગર ખાતે યોજાયેલી આફ્રિકન સમીટમાં વડાપ્રધાને ગુજરાતના યુવાનો આફ્રિકન દેશોમાં મજૂરી કરવા આવશે તેવા આપેલા વચનનું રૂપાણી સરકાર પાલન કરી રહી હોવા સામે ડૉ. હિમાંશુ પટેલે આક્રોશ વ્યક્ત કર્યો છે.



## પાટનગરના ૫૩મા સ્થાપના દિને ૫૩ વૃક્ષોનું વાવેતર

ગાંધીનગરના ૫૩મા સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે સેક્ટર-૨૨ના ગરબા ગ્રાઉન્ડ ખાતે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ સંસ્થા દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલ ૫૩ વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પંચદેવ મંદિરના મહંત ફુલશંકર શાસ્ત્રી, ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, ડીએસપી કચેરી ખાતેથી પી.સી. વાલેરા તથા મુખ્યમંત્રીના પીઆરઓ હિતેષભાઈ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સંસ્થાના પ્રમુખ કુંપલબેન દવે, ઉપપ્રમુખ ઉદયભાઈ તથા મંત્રી શિલ્પાબેન દેસાઈ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય સરકારનો વિદ્યાસહાયકો માટે મહત્વનો નિર્ણય

### હાલ મળતાં માસિક રૂ.૧૧,૫૦૦ના પગારની જગ્યાએ માસિક રૂ.૧૯,૯૫૦ પગાર ચુકવાશે

ગાંધીનગર, તા. ૨

રાજયના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારે ફીક્સ વેતનથી ફરજ બજાવતાં કર્મચારીઓના ઉચ્ચક વેતનમાં વખતોવખત વધારો કર્યો છે અને છેલ્લે સાતમાં પગારપંચના પ્રથમ સ્કેલ ધોરણ મુજબ ફીક્સ પગારના કર્મચારીઓને પગારનો લાભ આપવાનો નિર્ણય કર્યો હતો તેને કર્મચારીઓ દ્વારા બહોળો આવકાર મળ્યો છે, ત્યારે જિલ્લા શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતાં ૨૧,૩૦૦થી વધુ વિદ્યાસહાયકોને અત્યારે ફીક્સ પગારના ધોરણે રૂ.૧૧,૫૦૦નો પગાર ચુકવવામાં આવે છે. તેમાં લગભગ બમણાં જેટલો વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. હવે આ વિદ્યાસહાયકોને રૂ.૧૯,૯૫૦નો પગાર ચુકવાશે.

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કામ કરતાં વિદ્યાસહાયકોના મંડળો દ્વારા આ વધારો કરવા માટે રજુઆતો થઈ હતી જેને ધ્યાને લઈને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાણા મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રી દ્વારા આ મહત્વનો નિર્ણય કરાયો છે. આ નિર્ણયનો લાભ રાજયના અંદાજે ૨૧,૩૬૩થી વધુ વિદ્યાસહાયકોને મળશે. જેના લીધે રાજ્ય સરકારને અંદાજે વાર્ષિક રૂ.૨૦૫.૦૦ કરોડનો બોજો પડશે. પગાર વધારાના આ નિર્ણયનો અમલ તા.૦૧.૦૨.૨૦૧૭થી કરવામાં આવશે.

### સંસ્કૃત સેવાવ્રત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતી સાહિત્યકાર પણ છે. તેમના ત્રણ કાવ્યસંગ્રહ, નિબંધ સંગ્રહ સહિત છ થી વધુ પુસ્તકો પ્રકાશિત થયા છે. તેમણે નાટ્યક્ષેત્રે પણ જોરદાર પ્રદાન કર્યું છે. પાટણ ખાતે તેમને હેમચંદ્રાચાર્યનો રોલ, કણ્યઋષિનો રોલ પણ સંસ્કૃત નાટકોમાં કર્યો છે. આ ઉપરાંત એકપાત્રિય અભિનય તેમજ એકાંકી અને ત્રિઅંકી નાટકોમાં શાળા તેમજ કોલેજ કક્ષાએ ભાગ લઈ અનેક પારિતોષિક પ્રાપ્ત કરેલ છે.

શ્રી જહાને નવમી ઓગષ્ટે કોન્સ્ટીટ્યુશન ક્લબમાં એક ખાસ સમારોહમાં રૂ. એક લાખનો પુરસ્કાર તથા સન્માનપત્રથી સન્માનિત કરવામાં આવશે. તેઓ સંસ્કૃતમાં પ્રવચન આપી શકે છે. વડોદરા કલેક્ટર તરીકે તેમણે સંસ્કૃતમાં પ્રવચન રાજા કરણસિંહની હાજરીમાં કરતાં તેમણે ઉભા થઈ સન્માનિત કર્યા હતા. એટલુ જ નહિ તેમણે પ્રવચનને બિરદાવી કહ્યુ હતુ કે અરવિંદ અને શંકરાચાર્ય આજે ખુશ થશે કે ભારતીય સનદી સેવાનો અધિકારી સંસ્કૃતમાં વાત અને પ્રવચન કરે છે.

અગાઉ વિન્મય વિશ્વ વિદ્યાપીઠના શ્રી મહાદેવ તથા ડૉ. અમ્બા કુલકર્ણી જેવા વિદ્વાનોને આ સન્માન મળ્યુ છે. શ્રી જહાએ શરૂ કરેલ "અષાઢસ્ય પ્રથમ દિવસે..." નામથી જાણીતો થયેલો સંસ્કૃતોત્સવ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં સ્વર્ણીમ જયંતિથી શરૂ થયો હતો.

આજે પણ શ્રી જહા દ્વારા પુનરોદ્ધાર પામેલા સંસ્કૃત ગરબા સમગ્ર દેશ-દુનિયામાં આકર્ષણનું કેન્દ્ર બની વિસ્તૃત અને સ્વીકૃત પામ્યા છે.

### સ્વાઈન ફ્લુના ૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકાના જમિયતપુરા ગામનો એક યુવાન તેમજ સરગાસણ અને નાના ચિલોડાથી આ કેસો મળી આવ્યા છે. આ ત્રણેય પુરૂષ દર્દી છે અને તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જિલ્લાતંત્ર દ્વારા આરોગ્ય વિષયક જનજાગૃતિ અભિયાન આગામી દિવસોમાં છેડવા માટેની વ્યુહરચના તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આજે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ કલોલ નગરપાલિકા સાથે પાણીના ક્લોરીનેશન અંગે વિસ્તૃત બેઠક પણ કરી હતી તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

### જન્મદિવસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જીઈબી ગેસ્ટ હાઉસના મકાનમાં સ્થિત તક્તિ પાસે મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યુ હતુ. જયારે દિપ પ્રાગટય બાદ ગુજરાતમાં પુરની સ્થિતિમાં અવસાન પામેલા આત્માઓની શાંતિ માટે મૌન પાળવામાં આવ્યુ હતુ. આ તબક્કે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર , જિલ્લા કલેકટર સતીષ પટેલ, મેયર પ્રવિણ પટેલ , જીઈબી થર્મલ પાવરના ચીફ એન્જિનિયર એસ એસ ગામિત શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ , સુધીર દેસાઈ ,બી એ શુકલ સહીતના પદાધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. જયોતિ મહીલા મંડળના પ્રમુખ ચેતના બુચ સહીત મહીલા અગ્રણીઓએ પણ હાજરી આપી હતી. વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે આ તબક્કે જણાંવ્યુ હતુ કે નગર શૈક્ષણિક હબ બન્યુ છે. આગામી દિવસોમાં વધુ પ્રગતિ કરે અને સ્વચ્છ અને સુંદર બને તેવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલે જણાંવ્યુ હતુ કે નગરમાંથી કચરો દુર કરી રોચક બનાવવાની દિશામાં નગરજનોને જાગૃત થવા જણાંવ્યુ હતુ સ્વચ્છતાની દ્રષ્ટીએ નગર અવલ્લનંબરે સ્થાન પામે તેવા આશયથી તેમણે જાહેરમાં કચરો ન નાંખવા તેમજ સળગાવવા માટે પણ નગરજનોને સંદેશ પાઠવ્યો હતો. શહેર વસાહત મહામંડળન પ્રમુખ અરૂણ બુચે પણ રાજયમાંથી આવતા મુલાકાતીઓ નારાજ થયા વિના પોતાનુ કામ પુરુ કરી જાય તેમની રજુઆતોને ન્યાય મળે અને વહીવટમાં વધુ પારદર્શકતા આવે તેવી વ્યવસ્થા માટે આશા વ્યક્ત કરી હતી. પ્રથમવાર નગરના જન્મદિવસે કેક કાપવામાં આવી ન હતી.

### કંપની સમાચાર

## બોશે તેના ડિલરો અને વપરાશકારો માટે લોયલ્ટી પ્રગ્રામ 'માય બોશ રિવોર્ડસ' રજૂ કર્યો

કન્સ્ટ્રકશન, વુડવકલ્ગ અને મેટલવકલ્ગ અને માર્કેટીંગ કરતી ટોચની કંપની બોશ પાવર ટુલ્સ ઈન્ડિયાએ તેના ડિલરો અને છેવટના વપરાશકારો માટે 'માય બોશ રિવોર્ડસ' નામનો લોયલ્ટી પ્રોગ્રામ રજૂ કર્યો છે. છેવટના વપરાશકારોમાં સુથાર કડિયા, ઈલેકટ્રીશીયન, પ્લબ્મર્સ, ફેબ્રિકેટર્સ, ઈન્સ્ટોલર્સ અને એપ્લીકેટર્સનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે બોશ પાવર ટુલ્સનાં રિજનલ સેલ્સડાયરેક્ટર અને બિઝનેસ હેડ-ઈન્ડિયા અને સાર્ક શ્રી પનીશ પીકે એ જણાવ્યું હતું કે, 'અમારા વપરાશકારો અમારા માટે મહત્વના છે. તેમની સતત વફાદારીને ધ્યાનમાં રાખીને અમે લોયલ્ટી પ્રોગ્રામ રજૂ કર્યો છે. ઘણી કંપનીઓ ડિસ્કાઉન્ટ અને ડીલ્સ દ્વારા નવા વપરાશકારો મેળવાનો પ્રયાસ કરે છે. અમે તેના બદલે અમારા વફાદાર ગ્રાહકોને વધારે પ્રોત્સાહિત કરવાનું ધ્યેય રાખ્યું છે.'

માય બોશ રિવોર્ડસતે રોજબરોજનાં કાર્યમાં બોશ પાવર ટુલ્સ અને એસેસરીઝમાં રોકાણ કરતા વપરાશકારોને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ છે. આ માટે વપરાશકારોએ માય બોશ રિવોર્ડસ પ્રોગ્રામમાં એનરોલ થવાનું હોય છે. જેમાં એનરોલ થયા બાદ રિવોર્ડ પોઈન્ટસ મેળવવાની તક સાંપડે છે.

### રેપોરેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલિસી સમીક્ષા પહેલા જ માનવામાં આવી રહ્યું હતું કે, વ્યાજદરમાં નજીવો ઘટાડો થશે. હવે આગામી એમપીસીની બેઠક ત્રીજી અને ચોથી ઓક્ટોબરના દિવસે યોજાશે. ફોરેક્સ રિઝર્વનો આંકડો ૨૮મી જુલાઈ મુજબ ૩૯૨.૯ અબજ ડોલર રાખવામાં આવ્યો છે. આજે મોનિટરી પોલિસી કમિટીના ચાર સભ્યો ૦.૨૫ ટકાના રેટ કાપની તરફેણમાં હતા. છેલ્લા ત્રિમાસિક ગાળામાં રિટેલ ફુગાવો ૪ ટકા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે જ્યારે દોઢથી બે વર્ષની અંદર સીપીઆઈનો આંકડો એક ટકા વધી શકે છે. સામાન્ય મોનસુનના પરિણામ સ્વરુપે ખાદ્યાન્ન ચીજવસ્તુઓ ઉપર અસર થઈ છે. પોલિસી સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તકલીફો દૂર થશે. પોષાય તેવા હાઉસિંગ સેકટરને પ્રોત્સાહન આપવાની જરૂર છે. રાજ્યોને પણ પ્રોજેક્ટ શક્ય તેટલી વહેલીતકે પૂર્ણ કરવાના રહેશે. પોલિસી સમીક્ષાની બેઠક ગઈકાલે શરૂ થયા બાદ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં રેપો અને રિવર્સ રેપોરેટમાં ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### દરોડો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રિસોર્ટ ઉપર કોઈ દરોડા પાડવામાં આવ્યા નથી. સાથે સાથે ત્યાં રોકાયેલા કોઈપણ ધારાસભ્યની તપાસ કરવામાં આવી નથી. કેન્દ્ર સરકાર મુજબ ૩૯ સ્થળો ઉપર દરોડા પડાયા છે. બીજી બાજુ કોંગ્રેસી નેતાઓના આક્ષેપ છે કે, કોંગ્રેસના ધારાસભ્યોને ભયભીત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. દરોડાની કાર્યવાહી આજે સવારે શરૂ થઈ હતી. ડીકે શિવકુમારના આવાસ પરથી કરોડો રૂપિયા મળી આવ્યા છે. બપોર સુધીમાં જ ૧૧ કરોડથી વધુની રોકડ રકમ મળી આવી હતી. શિવકુમારના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા બાદ કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ સક્રિય દેખાયા હતા. કોંગ્રેસના નેતૃત્વમાં કર્ણાટક સરકારના એક પ્રધાન, એક કોંગ્રસી સાંસદ અને રિસોર્ટ પર દરોડા પાડતા રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. રસપ્રદ બાબત એ છે કે જે ઈગલટન રિસોર્ટ પર દરોડા પાડવામાં આવ્યા છે ત્યાં જ ગુજરાત કોંગ્રેસના ૪૦થી પણ વધારે ધારાસભ્યો હાલમાં રોકાયેલા છે.

